# સામયિક મૂલ્યાંકન કસોટી

| | | |
|---|---|---|
| ધોરણ-8 | ગુજરાતી | સપ્ટેમ્બર 2020 |
| સમય 1 કલાક | | કુલ ગુણ 25 |

**(અ.નિ.: અધ્યયન નિષ્પત્તિ -Learning Outcome)**

**અ.નિ.** વાંચેલી સામગ્રીમાંથી કાર્યકારણ સંબંધોને આધારે વધારે માહિતી મેળવવા માટે શા માટે? કેવી રીતે ? જેવા પ્રશ્નોને સમજીને જવાબ આપે છે.

**પ્રશ્ન-1 નીચેના પ્રશ્નોના યોગ્ય ઉત્તર લખો.**

1 વ્યક્તિના જીવનમાં માતાનું શું મહત્વ હોઈ શકે? [3]

2 જુમા ભિસ્તીના પ્રાણીપ્રેમનું તમારા શબ્દોમાં વર્ણન કરો. [2]

**અ.નિ.** સાંભળેલી કે વાંચેલી અનુભવજન્ય સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી પ્રશ્નોના જવાબ આપે છે.

**પ્રશ્ન-2 નીચે આપેલ કાવ્યપંક્તિ વાંચી પ્રશ્નોના જવાબ આપો.**

કોણે કીધું ગરીબ છીએ? કોણે કીધું રાંક?
કાં ભૂલી જા મન રે ભોળા ! આપણા જુદા આંક
થોડાક નથી સિક્કા પાસે, થોડીક નથી નોટ,
એમાં તો શું બગડી ગયું? એમાં તે શી ખોટ?
ઉપરવાળી બેંક બેઠી છે આપણી માલામાલ
આજનું ખાણું આજ આપે ને કાલની વાતો કાલ

**પ્રશ્નોઃ**

1 કવિની જિંદગી અંગેની સમજ કેવી છે? [2]

2 કવિ કઈ વાતને ખોટ ગણતા નથી? [1]

3 ઉપરવાળી બેંક એટલે કઈ બેંક? [1]

4. સમાન પ્રાસ ધરાવતા શબ્દોની બે જોડ શોધીને લખો. [1]

**અ.નિ.** આશરે ૫૦૦૦ જેટલા શબ્દો જાણે છે અને શબ્દકોશની મદદથી માન્ય જોડણીનો વ્યવહારિક ઉપયોગ કરે છે.

**પ્રશ્ન-3 માગ્યા મુજબ કરો.**

1 ઘર, ઝૂંપડી, બંગલો, ઓફિસ, ફ્લેટ (જુદો પડતો શબ્દ દૂર કરો) [1]

2 શ્રીમંતોના ઘેર પૈસાની છોળ રેલાય છે જ્યારે ગરીબના ઘેર _____ [1]

(અ) ફૂટી બદામ નથી (બ) ખાવા અન્ન નથી (ક) કોડી પણ નથી

3 પરમાત્મા દયાળુ છે. (વિશેષણ ઓળખી તેની નીચે લીટી દોરી તેને આધારે નવું વાક્ય બનાવો. [1]

4 'ઇક' પ્રત્યયથી બનતા બે શબ્દો બનાવો. દા.ત. સંસ્કૃતિ- સાંસ્કૃતિક [1]

5 નીચેના શબ્દોના અર્થ લખો. [1]

ગાડી ______________ ગાંડી______________

**અ.નિ.** શબ્દનો અર્થ, શબ્દ શબ્દ વચ્ચેનો સંબંધ, સંધિ, સ્વરવ્યંજન -, સમાનાર્થી, શબ્દસમૂહ માટે એક શબ્દ, વિરોધી શબ્દ, વાક્યના પ્રકાર, અલંકાર, સમાસ, સંયોજક, વિરામચિહ્નો વિશે જાણે છે અને ભાષામાં ઉપયોગ કરે છે .

**પ્રશ્ન-4 નીચે આપેલ વાક્યોનું કર્તરિ, કર્મણિ, ભાવે અને પ્રેરક વાક્યમાં વર્ગીકરણ કરો. [5]**

1. રવિથી મોટેથી હસી પડાયું.
2. આકાશે શોખ ખાતર એક કૂતરો પાળ્યો.
3. દાંત વગર કાંઈ ખવાય?
4. કિરણથી ગાયને રોટલી નખાઈ.
5. પ્રવીણ ફોટો પડાવે છે.

**અ.નિ.** સ્વતંત્ર લેખન કરે છે. (નિબંધ, પત્ર, રોજનીશી, આત્મકથા , અહેવાલ લેખન અને વાર્તાલેખન)

**પ્રશ્ન-5 તમારા વિસ્તારમાં આવેલા જોવાલાયક સ્થળની મુલાકાત તમે લીધી હશે તેને આધારે આઠ-દસ લીટીમાં અહેવાલ તૈયાર કરો. [5]**